Wednesday
07.06.2023
*Volume :7 * Issue No.309
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# ભારતના રાષ્ટ્રપતિ સુરીનામમાં ભારતીયોના આગમનના ૧૫૦ વર્ષની ઉજવણીના પ્રસંગે સાંસ્કૃતિક ઉત્સવના સાક્ષી બન્યાં

## OCI કાર્ડ માટેની યોગ્યતાના માપદંડને ચોથી પેઢીથી લઈને તે ભારતીય પ્રદેશોના મૂળ ભારતીય ધર્મનિરપેક્ષની છઠ્ઠી પેઢી સુધી લંબાવવાના ભારત સરકારના નિર્ણયની જાહેરાત કરી









## સુરીનામમાં ભારતીય સમુદાય એ ભારત અને સુરીનામ વચ્ચેની ગાઢ ભાગીદારીનો મહત્વનો આધારસ્તંભ છેઃ રાષ્ટ્રપતિ મુર્મુ

કમલમ્ ન્યુઝ,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સુરીનામના રાષ્ટ્રપતિ ચંદ્રિકાપરસાદ સંતોખી સાથે ગઈકાલે સાંજે (૫ જૂન, ૨૦૨૩) પરમારિબોમાં સુરીનામમાં ભારતીયોના આગમનના ૧૫૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે સાંસ્કૃતિક ઉત્સવના સાક્ષી બન્યાં હતાં. પરમારિબોમાં સ્વતંત્રાતા સ્કવેર ખાતે સભાને સંબોધન કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે આપણે સુરીનામમાં ભારતીયોના આગમનની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છીએ જે સુરીનામના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ દિવસે, વર્ષ ૧૮૭૩માં, ભારતીયોનું પ્રથમ જૂથ લલ્લા રૂખ જહાજ પર સુરીનામના કિનારે પહોંચ્યું હતું, જે આ દેશના ઈતિહાસમાં એક નવા અધ્યાયની શરૂઆત હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે બહુસાંસ્કૃતિક સમાજ અને તકોની ભૂમિ તરીકે, સુરીનામે ત્યાં આવેલા અને સ્થાયી થયેલા તમામ વિવિધ સમુદાયોનું સ્વાગત કર્યું છે. આ વર્ષો દરમિયાન, વિવિધ સમુદાયો એક કુટુંબ અને એકદેશમાં વિકસિત થયા. તેમણે સુરીનામના લોકોની એકતા અને સર્વસમાવેશકતા પ્રત્યેના સમર્પણ અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. રાષ્ટ્રપતિને એ નોંધવામાં આનંદ થયો કે વિશાળ ભૌગોલિક અંતર, વિવિધ સમય ઝોન અને સાંસ્કૃતિક વિવિધતા હોવા છતાં, ભારતીય ડાયસ્પોરા હંમેશા તેમના મૂળ સાથે જોડાયેલા રહ્યા છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૫૦ વર્ષોમાં, ભારતીય સમુદાય માત્ર સુરીનામમાં સમાજનો અભિન્ન અંગ બન્યો છે ઉપરાંત તે ભારત અને સુરીનામ વચ્ચેની ગાઢ ભાગીદારીનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ પણ છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે એવા સમયે જ્યારે સુરીનામ તેના પૂર્વજોના વારસા અને ભારત સાથેના સંબંધોની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ભારતએકતા અને આદર સાથે સુરીનામની સાથે ઊભું છે. તેમણે OCI કાર્ડ માટે પાત્રતા માપદંડને ચોથી પેઢીથી છઠ્ઠી પેઢી સુધી લંબાવવાના ભારત સરકારના નિર્ણયની જાહેરાત કરી હતી જેઓ ભારતીય પ્રદેશોમાંથી સુરીનામ આવ્યા હતા. તેમણે કહ્યું કે OCI કાર્ડને ભારત સાથેના તેમના ૧૫૦ વર્ષ જૂના સંબંધોમાં એક મહત્વપૂર્ણ કડી તરીકે જોઈ શકાય છે. તેમણે ભારતીય ડાયસ્પોરાના સભ્યોને વિનંતી કરી કે તેઓ ભારત સાથેના તેમના જોડાણને જાળવી રાખવા માટે પ્રયત્નો કરવાનું ચાલુ રાખે.રાષ્ટ્રપતિએ કહ્યું કે સુરીનામ અને ભારત બંનેએ વસાહતી શાસનના લાંબા ગાળા બાદ તેમની અર્થવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થાના પુનઃનિર્માણ માટે પ્રયાસો કર્યા છે. આ અનુભવે બંને દેશો વચ્ચે એકતાની લાગણી પેદા કરી છે. તેમણે કહ્યું કે ભારત-સુરીનામ દ્વિપક્ષીય સંબંધો વિકાસની સહિયારી આકાંક્ષાઓ પર આધારિત છે. દિવસની શરૂઆતમાં, રાષ્ટ્રપતિએ બાબા અને માઈના સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પી હતી, જે પ્રથમ ભારતીય પુરુષ અને સ્ત્રીનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ છે, જેમણે પ્રથમ વખત સુરીનામમાં પગ મૂક્યો હતો. ત્યારબાદ, તેમણે મામા સ્રાનન સ્મારક પર તેમને માન આપ્યું જે મામા સ્રાનનનું પ્રતિનિધિત્વ કરે છે, માતા સુરીનામ તેના પાંચ બાળકોને ધરાવે છે, જે પાંચ વંશીયતાઓ સુરીનામમાં કાળજી અને પ્રેમથી વસે છે. રાષ્ટ્રપતિ મહેલમાં આયોજિત એક સમારોહમાં, રાષ્ટ્રપતિ મુર્મુને સુરીનામના રાષ્ટ્રપતિ દ્વારા સુરીનામના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ ચેઈન ઓફ ધ યલો સ્ટાર'થી નવાજવામાં આવ્યા હતા. તેમની સ્વીકૃતિ ટિપ્પણીમાં, રાષ્ટ્રપતિએ તેમને આ સન્માન આપવા બદલ રાષ્ટ્રપતિ સંતોખી અને સુરીનામની સરકારનો આભાર માન્યો. તેમણે કહ્યું કે આ માન્યતા માત્ર તેમના માટે જ નહીં પરંતુ ભારતના ૧.૪ અબજથી વધુ લોકો માટે પણ ખૂબ મહત્વ ધરાવે છે. તેમણે આ સન્માન ભારતીય-સુરીનામી સમુદાયની અનુગામી પેઢીઓને સમર્પિત કર્યું, જેમણે બંને દેશો વચ્ચેના ભાઈચારા સંબંધોને સમૃદ્ધ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રપતિએ સુરીનામના રાષ્ટ્રપતિ દ્વારા તેમના સન્માનમાં આયોજિત ભોજન સમારંભમાં પણ હાજરી આપી હતી. તેમના ભોજન સમારંભના ભાષણમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ એક સમાવિષ્ટ વિશ્વ વ્યવસ્થાના ભારતના અભિગમને રેખાંકિત કર્યો જે દરેક દેશ અને ક્ષેત્રના કાયદેસરના હિતો અને ચિંતાઓ પ્રત્યે સંવેદનશીલ છે. તેમણે કહ્યું કે એકતાની આ ભાવનાથી જ ભારતે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ૧૦૦ થી વધુ દેશોને મદદનો હાથ લંબાવ્યો છે. રાષ્ટ્રપતિએ કહ્યુંકે ભારત G-20નું પ્રમુખપદ ધરાવે છે, જેના દ્વારા તે વિકાસશીલ દેશો અને અદ્યતન અર્થવ્યવસ્થા બંને સાથે મજબૂત સેતુ બનાવી રહ્યા છે. વિકાસશીલ દેશો અને ગ્લોબલ સાઉથને હિતના મુદ્દાઓ પર વધુ અવાજ આપવા માટે, ભારતે આ વર્ષે જાન્યુઆરીમાં વૉઈસ ઓફ સાઉથ સમિટનું પણ આયોજન કર્યું હતું, જેમાં ગ્લોબલ સાઉથના ૧૨૫ દેશોની ભાગીદારી હતી. તેમણે આ પહેલનો ભાગ બનવા બદલ સુરીનામની પ્રશંસા કરી.

# માણસા તાલુકાના ખરણા, મુબારકપુરા, ચાંદસણા અને વાગોસણા ગામનો સામાજિક સુરક્ષા કેમ્પ યોજાયો




કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

SBI માણસા શાખાએ જનસુરક્ષા અભિયાન અંતર્ગત માણસા તાલુકાના ખરણા, મુબારકપુરા,ચાંદીસણા અને વાગોસણા ગામોનું સામાજિક સુરક્ષા કેમ્પનું આયોજન કડવા પાટીદાર સમાજની વાડી, માણસા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એસબીઆઈ,ગાંધીનગરના ડી.જી.એમ. શ્રી મિથિલેશકુમાર દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને આ યોજનાનો લાભ કેવી રીતે લઈ શકાય, કેમ લેવો જોઈએ તે વિશે દ્દષ્ટાંતપૂર્વક વાત કરીને ગ્રામજનોને આ યોજનામાં જોડાવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ યોજના ના લાભાર્થીઓને સેંકશન લેટર તથા ચેક નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસ.બી.આઈ. અમદાવાદના સ્થાનિક મુખ્ય કાર્યાલયના સી.જી.એમ. શ્રી સુરેન્દ્ર રાણા, માણસા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભીખાભાઈ પટેલ, SBI બેંકની શાખા પ્રબંધકો, લીડ બેંક મેનેજર, ગાંધીનગર શ્રી આદેશ જુનેજા,નાણાકીય પરામર્શક શ્રી રમેશભાઈ પરમાર તથા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૭મી જૂન: પાંચમો વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 'સ્વચ્છ અન્ન સ્વસ્થ જન' ના મંત્રને સાકાર કરતું ગુજરાત

Food standards save lives

- **પાંચમો વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 'ખાદ્ય ધોરણો જીવન બચાવે છે' (Food Standards Save Lives)ની થીમ પર ઉજવાશે**
- **ફૂડ સેફટી ઈન્ડેક્સમાં ગુજરાત દેશભરમાં છેલ્લા ચાર વર્ષથી અગ્રેસર**
- **કાંકરિયા, અમદાવાદ દેશનું સૌપ્રથમ FSSAI માન્ય "ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ": રાજ્યમાં હાલ ૮ ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ**

કમલમ્ ન્યુઝ,

સ્વસ્થ શરીર માટે સલામત અને પૌષ્ટિક ખોરાક ખૂબ જ જરૂરી છે, આજના ભેળસેળ યુક્ત યુગમાં દૂષિત ખોરાક અને પાણીની આરોગ્ય પર થતી અસરો પર ધ્યાન કેન્દ્રિત કરવા સંયુક્ત રાષ્ટ્રસંઘે ૭ મી જૂનને વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ અને ૭ જૂન, ૨૦૧૯ એ પ્રથમ વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ ઉજવવામાં આવ્યો. આ વર્ષે પાંચમો વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 'ખાદ્ય ધોરણો જીવન બચાવે છે' (Food Standards Save Lives)ની થીમ પર ઉજવવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસપથ પર ગુજરાત આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સતત આગળ વધી રહ્યું છે. તીવ્ર ગતિએ વિકાસ પામી ભારત વિકસિત દેશોની હરોળમાં સામેલ થવા તરફ અગ્રેસર છે અને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનેલ છે ત્યારે છેવાડાનો માનવી સ્વસ્થ રહે તે માટે ધ્યાન કેન્દ્રિત કરવું અત્યંત આવશ્યક છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વવાળી ટીમ ગુજરાત 'સ્વચ્છ અન્ન સ્વસ્થ જન'ના મંત્રને સાકાર કરી રહી છે. રાજ્ય સરકારનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ખાદ્ય એકમો અને તેમાં કામ કરતા લોકોની સ્વચ્છતાનું ધ્યાન રાખે છે તથા જ્યારે જરૂરી હોય ત્યારે ખાદ્ય પદાર્થોના નમૂના લઈ ભેળસેળવાળા ખાદ્યપદાર્થોના વેચાણકર્તાઓ/ઉત્પાદકો સામે કડક કાર્યવાહી પણ કરી રહ્યું છે. ઉપરાંત ફૂડ પોઈઝનિંગના જોખમ અંગે નાગરિકોને શિક્ષિત કરી તેને રોકવા માટે સક્ષમ બનાવવા જેવા જન આરોગ્યલક્ષી પગલાં ભરી રહ્યું છે. દૂધ, ખાદ્ય તેલ, મીઠાઈઓ, બેકરી ઉત્પાદનો, મિનરલ તથા પેકેજડ ડ્રિંકિંગ વોટર, પાન મસાલા, ગુટખા, કન્ફેક્શનરી, નમકીન અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટ્સના ઉત્પાદકો અને વેચાણ કર્તાઓ પર આખું વર્ષ ચાંપતી નજર રાખવામાં આવે છે. ઉપરાંત ઉનાળામાં ઠંડા પીણા, ફળોના રસ, મેંગો જ્યુસ (મેન્ગો મિલ્ક શેક), આઈસ્ક્રીમ, આઈસ કેન્ડી પર વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ માટે કેન્દ્ર સરકાર દ્વારા ધારાધોરણ નક્કી કરવામાં આવ્યાં છે. ફૂડ સેફટીના ઓવરઓલ પરફોર્મન્સ ના આધારે રાજ્યની પસંદગી કરવામાં આવે છે. આ ધારાધોરણોમાં ફૂડ સેમ્પલિંગ, ટેસ્ટિંગ, લેબોરેટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમ્પ્લાયન્સ, ટ્રેનિંગ, લાયસન્સ અને રજીસ્ટ્રેશન તથા રાજ્યમાં મળતા ખોરાકની ગુણવતા ઉપર ભાર મૂકવામાં આવે છે. આ ફૂડ સેફટી ઈન્ડેક્સમાં ગુજરાત છેલ્લા ચાર વર્ષથી અગ્રીમ સ્થાન મેળવતું આવ્યું છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના પ્રયત્નોને કારણે આજે ખેડૂતો, ફૂડ બિઝનેસ ઓપરેટર્સ, રસોઈયાઓ, વૈજ્ઞાનિકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રાહકોમાં ખાદ્ય સુરક્ષા વિશે જાગૃતિ વધી રહી છે. શેરીઓ/ચોપાટીઓમાં સ્થાનિક રાંધેલો ખોરાક સામાન્ય માણસ વધુ આરોગતો હોય છે ત્યારે આ ખોરાક સ્વચ્છ અને સલામત હોવો ખૂબ જ જરૂરી છે. જેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા કાંકરિયા, અમદાવાદમાં આવેલ ખાણીપીણી બજારના વેપારીઓને તાલીમ આપવામાં આવી. પરિણામે દેશનું સૌપ્રથમ FSSAI માન્ય "ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ" બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. હાલમાં ગુજરાતમાં ૮ ક્લીન સ્ટ્રીટ ફૂડ હબ આવેલા છે જ્યાં નાગરિકો સ્વચ્છ અરોગ્યપ્રદ ખોરાક આરોગી રહ્યા છે અને સ્થાનિકો રોજગારી મેળવી રહ્યાં છે. રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ વડોદરાની ખોરાક અને ઔષધ પ્રયોગશાળા સાથે સંકલન કરીને દૂધ, તેલ, મસાલા, મીઠું, મીઠાઈ વગેરેમાં થતી ભેળસેળ ચકાસવા માટે પ્રાથમિક પરીક્ષણ કીટ વિકસાવી છે. જેના દ્વારા ૨૧ પ્રકારના ભેળસેળના પરીક્ષણ સ્થળ પર જ કરી શકાય છે. રાજ્ય સરકારના આ નવીન પ્રયોગથી પ્રભાવિત થઈને FSSAI દ્વારા ૧૦૦ થી વધુ ટેસ્ટ કરી શકાય તેવું મેજીક બોકસ બનાવવામાં આવ્યું છે. છેવાડાના વેપારીઓને ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા અંગે તાલીમ મળી રહે અને તેઓ આ બાબતે જાગૃત બને તે માટે મોબાઈલ એક્ઝિબિશન વેન શરૂ કરવામાં આવી છે. આ પહેલને FSSAI એ બિરદાવી અને તેમાં જરૂરી સુધારા કરી વધુ સક્ષમ એવી ફૂડ સેફટી વેન બનાવીને સમગ્ર દેશમાં શરૂ કરી છે. રાજ્ય સરકારના જનહિતલક્ષી અભિગમને કારણે જ આજે દેશમાં સૌથી વધુ ૨૨ ફૂડ સેફટી ઓન વ્હીલ્સ વેન કાર્યરત છે. વર્ષ ૨૦૧૧ માં ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ અમલમાં આવ્યો પરંતુ તેની પહેલાના પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટ્રેશનના કેસોનો નિકાલ કરવો જરૂરી હતું કેમ કે તેના નિકાલથી માનવીય સમય બચાવી શકાય અને રાજયના ન્યાયિક વ્યવસ્થા પરથી કેસોનો ભાર ઓછો કરી શકાય. તે માટે નવા કાયદા મુજબ જેટલા કેસો દંડને લાયક હોય તેને લોકઅદાલતમાં ચલાવવામાં આવ્યા અને દંડ કરી તેનો નિકાલ કરવામાં આવ્યો. આ રીતે ૩,૮૦૦ થી પણ વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. જેમાં આશરે રૂ. ૮ કરોડનો દંડ વસુલવામાં આવ્યો છે. રાજ્યની આ કામગીરીનું FSSAI એ અન્ય રાજ્યોને પણ અનુકરણ કરવા જણાવ્યું હતું. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફૂડ સેફટી ઓફિસર દ્વારા રાજ્યમાં ખોરાકના આશરે ૨૦,૦૦૦ જેટલા નમૂના વિવિધ સ્થળેથી શંકાના આધારે સમયાન્તરે લેવામાં આવે છે અને તેને રાજ્યની પ્રયોગશાળામાં ચકાસણી માટે મોકલી આપવામાં આવે છે. રાજ્યમાં વિવિધ વેપારી વર્ગને ખોરાકના કાયદા અને તેમાં આવતા બદલાવ બાબતે અદ્યતન માહિતી મળતી રહે તે માટે જિલ્લા કચેરીઓ દ્વારા સમયાંતરે મિટિંગનું આયોજન કરી FoSTaC ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. રાજ્યમાં ચકાસણી અર્થે લેવામાં આવતા નમૂનાઓમાં ફક્ત ૦.૩૪ ટકા નમૂનાઓ અનસેફ (સ્વાસ્થ્ય માટે હાનીકારક) જાહેર થાય છે. આ નમૂનાઓ સાથે સંલગ્ન વ્યક્તિઓ/એકમો સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવે છે. ગુજરાતે છેલ્લાં બે દાયકામાં આવી અનેક અસામાન્ય સિદ્ધીઓ હાંસલ કરી સર્વસમાવેશક વિકાસનો મજબૂત પાયો નાખ્યો છે. એટલે જ કહી શકાય કે, તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણમાં ગુજરાતનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે અને રહેશે.

## તંત્રી સ્થાનેથી......

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વડોદરાના છાણીમાં આવેલા રોઝીઝ નર્સરી ખાતે સ્ટાર ઈન્ડિયાના પ્રમુખ તનુજ દેસાઈએ લોકો માટે ટ્રી ફોર ફ્રી નું આયોજન કર્યું હતું. જેમાં લોકોને એવા છોડવાઓનું મફતમાં વિતરણ કરવામાં આવ્યું કે જેના પર મોટેભાગે આપણી દેશી ચકલીઓ વસવાટ કરતી હોય છે. તનુજ દેસાઈએ ૨૦૨૩ માં વર્ષને ધ્યાને રાખીને લોકોને ૨૦૨૩ રોપાઓનું વિતરણ કર્યું હતું. આ વખતે તનુજ દેસાઈએ દેશી ચકલીઓને કેન્દ્રમાં રાખીને આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ અનોખી રીતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. સ્ટાર (સ્પેરો ધ એજન્ડા ઓફ રિસર્જન્સ) ભારત સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ રીતે સ્પેરો વિશે જાગૃતિ લાવવાના પ્રયાસો કરે છે. સફળ બર્ડ હાઉસ મેકિંગ કોમ્પિટિશન પછી તેઓએ સ્પેરોને બચાવવાનો સંદેશ ફેલાવીને વિશ્વ પર્યાવરણ દિવસની અનોખી રીતે ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું. તનુજ દેસાઈ ચકલીઓ માટેના માળાને અલગ અલગ આકાર, કદ અને રૂપ આપીને લોકોમાં અને ખાસ કરીને બાળકોમાં પ્રિય બન્યા છે. આ વર્ષના બર્ડ હાઉસ મેકિંગ કોપિટિશનમાં પણ બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેથી તનુજ દેસાઈએ વિચાર્યું કે બાળકોમાં જો આટલી ઉત્સુકતા અને ઉત્સાહ હોય તો એ ખુબ સારી બાબત છે. જેથી જો બાળકો જ પર્યાવરણને બચાવવાની પહેલ કરે તો તે નિર્ણાયક, સારો પ્રભાવ અને સકારાત્મક અસર પાડી શકે છે, પર્યાવરણ બચાવોનું સૂત્ર સાર્થક થઈ શકે છે.બસ જરૂર છે તો બાળકો અને દરેક લોકો એ પોતાનાથી શરૂઆત કરવાની એમ તનુજ દેસાઈએ જણાવ્યું હતું. ટ્રી ફોર ફ્રી હેઠળ શેતૂર, બોરસલી, બિલીપત્ર, ગરમાળો, મોસંબી, આમળા, લીંબુ અને બોગનવેલ જેવા છોડવાઓનું વિતરણ કર્યું છે. જેમાં મોટાભાગે કાંટા હોય છે અને ચકલીઓ તેના પર માળો બાંધવાનું વધું પસંદ કરે છે. ચકલીઓ માળા બાંધવા માટે કાંટાળા ઝાડની પસંદગી વધુ કરે છે. ૯ સ્વયંસેવકો દ્વારા લોકોને મફતમાં છોડનું વિતરણ કરવામાં અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં મદદ મળી હતી. આ ટ્રી ફોર ફ્રી અભિયાન દરમ્યાન વ્યક્તિદીઠ અથવા કુટુંબદીઠ ૪ રોપાઓ, શાળા અને અન્ય એજન્સીઓ કે જેઓ અન્ય માટે રોપાઓ લેવા ઈચ્છે એમને ૨૦ થી ૫૦ જેટલા રોપાઓ આપવામાં આવ્યા હતા. જેમાં વ્યોમ, રોટરી તેમજ લાયન્સ ક્લબને પણ આ અભિયાન હેઠળ રોપાઓ લેવાનો લાભ મળ્યો હતો. વર્ષ ૨૦૨૩ નિમિત્તે ૨૦૨૩ રોપાઓનું વિતરણ કરવાનું લક્ષ રાખવામાં આવ્યુ છે. આ અભિયાન હેઠળ અન્ય જિલ્લાઓમાં પણ પણ આવી જ એક ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે. લોકોમાં હવે પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાઈ રહી છે. પર્યાવરણની સાચવણી ફકત એક જ દિવસ ઉજવણી કરવાથી નથી થતી, પરંતુ એ માટે સતત મેહનત કરવાની જરૂર છે. આ ટ્રી ફોર ફ્રી અભિયાનમાં વડોદરાના નામાંકિત રેડીઓ મિર્ચીમાંથી આર. જે. મોહિની, આર. જે. હર્ષ તેમજ સ્ટાર ઈન્ડિયાના દરેક મેમ્બર પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં નવીનીકરણ પામેલ AMTSના હેરિટેજ લાલદરવાજા ટર્મિનસનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ

## રૂપિયા ૮.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત લાલ દરવાજા હેરિટેજ AMTS ટર્મિનસ ૧૧,૫૮૩ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે



કમલમ્ ન્યુઝ,

અમદાવાદ મહાનગર-પાલિકા દ્વારા નવીનીકરણ પામેલા હેરિટેજ લાલ દરવાજા ટર્મિનસના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, લાલ બસ એ અમદાવાદની ઓળખ છે. તેમણે કહ્યું કે, શરીરમાં લાલ રંગના લોહીનું મહત્વ છે, એવું જ મહત્વ શહેરી જીવનમાં આ લાલ બસનું છે. દરરોજ દોઢ લાખ જેટલા પ્રવાસીઓની અવર-જવર ધરાવતા આ બસ ટર્મિનસનું નવનિર્માણ હેરિટેજ સિટી અમદાવાદને શોભે એવી હેરિટેજ થીમ પર થયું છે. દેશની આઝાદીના ૭૫ વર્ષ અને છસ્જીની સ્થાપનાના ૭૫ વર્ષ બેય સુભગ સમન્વય પ્રસંગે તેમણે આનંદ વ્યકત કરી સહુને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં રાજ્યમાં પરિવહન ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો વિશે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, એક સમય હતો કે જ્યારે તૂટેલી ફુટેલી અને કંગાળ હાલત રાજ્યની બસ સર્વિસની ઓળખ હતી પરંતુ ૨૦૦૧ માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની રાજનીતિનો સૂર્યોદય થયો અને સમયને અનુરૂપ બદલાવો આવ્યા છે. તેમણે કહ્યું કે અમદાવાદના નાગરિકોને લાલ બસથી હટકે મેટ્રો, બી.આર.ટી.એસ, ઈલેક્ટ્રિક બસ સહિતની આધુનિક પરિવહન સુવિધાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભેટ છે. આ સુવિધાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, હાલમાં અમદાવાદ શહેરમાં એ.એમ.ટી.એસ. ની ૨૦૦ ઈલેક્ટ્રિક, ૯૦૫ સી.એન.જી અને ૧૩૦ ડિઝલ એમ કુલ ૧૨૩૫ બસ અમદાવાદના લાખો નાગરિકોની સેવામાં કાર્યરત છે.

અમદાવાદના હૃદય સમા વિસ્તાર લાલ દરવાજા ખાતે રૂપિયા ૮.૮૦ કરોડના ખર્ચે AMTSના હેરિટેજ લાલદરવાજા ટર્મિનસનું નવનિર્માણ કરાયું છે. સમગ્ર પરિસર ૧૧,૫૮૩ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ ટર્મિનસમાં હેરિટેજ બિલ્ડીંગ ૨,૫૮૮ ચોરસ મીટર વિસ્તારમાં તૈયાર કરાઈ છે.

જેમાં ઓફિસ સ્ટાફની બિલ્ડીંગ, પ્રવાસીઓ માટે પાણીની વ્યવસ્થા, કેશ કલેક્શન માટે કેબિન, મીટીંગ હોલ, પ્રવાસીઓ માટે વેઈટિંગ એરિયા, પ્રવાસીઓની સુવિધા માટે પબ્લિક ઈન્ફોર્મેશન સિસ્ટમ, કેમેરા, કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ તથા પ્રવાસીઓને લાલ દરવાજાથી શરૂ થતી અને પસાર થતી બસના સમયની જાણકારી આપવા એલ.ઈ.ડી સ્ક્રીન ઊભી કરવામાં આવી છે.રાજ્ય સરકાર પરંપરાના ગૌરવ અને પ્રકૃતિની જાળવણી સાથે પ્રગતિનો સંકલ્પ લઈને કાર્યરત હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વર્ષના ઐતિહાસિક બજેટમાં રાજ્ય સરકારે પર્યાવરણપ્રિય વાહનવ્યવહાર માટે ૫૦ ઈલેક્ટ્રિક બસો માટે ૨૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

આ ઉપરાંત સિંગલ યુઝ પ્લાસ્ટિકને ટાળવાની વડાપ્રધાનશ્રીની અપિલનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે,અહીં આજે સી.એસ.આર. હેઠળ ઓટોમેટિક પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનનું લોકાર્પણ પણ થયું છે, તે પ્લાસ્ટિકથી થતાં પ્રદૂષણને નાથવામાં સરકાર સાથે સમાજની ભાગીદારી દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે આ મશીન કાંકરિયા અને અટલ બ્રિજ ખાતે મુકવામાં આવનાર છે. જેનાથી પ્લાસ્ટિક બોટલનું રિસાયકલિંગ થશે અને સ્વચ્છતા પણ રહેશે. આ ઉપરાંત હેરિટેજ લૂક સાથે બનાવાયેલા ટર્મિનસ પર ૧૯૪૭થી આજદિન સુધીના અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના ઈતિહાસને પ્રદર્શિત કરાયો છે. જેનું નિરીક્ષણ પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.આજના સમારોહમાં ડે.મેયર શ્રીમતી ગીતાબેન પટેલે સ્વાગત સંબોધન કર્યું હતું.

આ તકે સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રીઓ અમિતભાઈ શાહ, શ્રી બાબુભાઈ જે. પટેલ, શ્રી અમૂલભાઈ ભટ્ટ, ડૉ પાયલબેન કુકરાણી, શ્રી દર્શનાબેન વાઘેલા, શ્રી કંચનબેન રાદડિયા તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, મનપાના દંડક શ્રી અરુણસિંહ રાજપૂત, સત્તાપક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, અમદાવાદ મહાનગરપાલિકા કમિશનર શ્રી એમ.થેન્નારસન, મનપાની વિવિધ સમિતિઓના ચેરમેન, વિવિધ વોર્ડના કાઉન્સિલશ્રીઓ તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પીએમ મોદીની સિદ્ધિઓને વિસ્તૃત રીતે રજૂકરતા પૂર્વ કેન્દ્રીય આરોગ્યમંત્રી

## પીએમ મોદીના ૯ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના




કમલમ્ ન્યુઝ,સુરત,

વર્ષ ૨૦૧૪માં પીએમ મોદીના શાસનકાળના પ્રારંભથી લઈને વર્ષ ૨૦૨૩ના કાર્યકાળ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ધ્યેય સાથે કામગીરી કરી છે. ત્યારે, દેશભરમાં આ " ૯ સાલ બેમિસાલ "ની કામગીરીને લોકો સમક્ષ પ્રસ્તુત કરવા ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રેસ કોન્ફરન્સ આયોજિત કરવામાં આવી રહી છે. જેના અનુસંધાને ૬ જૂન-૨૦૨૩ને મંગળવારના રોજ સુરત શહેર ભાજપા કાર્યાલય પર એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં, પૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધન અને બિહારની દરભંગા વિધાનસભા પર ૫ ટર્મથી વિજયી થઈ રહેલા ધારાસભ્ય શ્રી સંજય સરાઓગી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને મીડિયાકર્મીઓને સંબોધન કર્યું હતું. પત્રકાર પરિષદના પ્રારંભમાં પૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધને મીડિયાકર્મીઓને સંબોધતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદી અસાધારણ પ્રતિભા ધરાવતા મહાન વિભૂતિ છે.આ પ્રકારની વિભૂતિનો જો વિચાર કરીએ તો મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદની સાથે આપણા પીએમ મોદીની સરખામણી કરી શકાય. આજે તેઓ ફક્ત ભારત જ નહીં પરંતુ, સમગ્ર વિશ્વમાં લોકપ્રિયતાની ચરમસીમા સમાન ટોચનું સ્થાન ધરાવે છે.આ પ્રકારના પીએમ ક્યાંય જોવા નહીં મળે.આજે એનડીએ સરકારના ૯ વર્ષ પૂર્ણ થયાની સમીક્ષા સમગ્ર દેશભરમાં થઈ રહી છે.પીએમ મોદી આજે ૭૦ વર્ષની ઉંમરે પણ યુવાઓના રોલ મોડેલ છે.કોઈ પણ કાર્યમાં દેશ હિતની વાતને પીએમ મોદી હંમેશા પ્રાથમિકતા આપે છે.તેઓ હવામાંથી પણ રાષ્ટ્રને હિતને વાતને કેચ અપ કરી લે છે. વર્ષ ૨૦૧૪માં તેમણે જયારે સત્તાની ધુરા સાંભળી ત્યારે દેશના ૧૨ હજાર ગામડાઓમાં ટોયલેટની સુવિધા ન હતી અને બહેનોએ સાંજ સુધી રાહ જોવી પડતી હતી. જયારે આજે ૧૨ હજાર ગામડાઓમાં ટોયલેટની સુવિધા ઉભી કરવામાં આવી છે. દેશના ૧૮ હજાર ગામડાઓમાં વીજળી ન હતી. આજે તે તમામ ગામડાઓમાં વીજળીની સુવિધા પુરી પાડવામાં આવી છે અને લોકોને અંધકારભર્યા જીવનમાંથી પ્રકાશ તરફ લઈ જવામાં આવ્યા છે.એક સમય હતો.એક સમય હતો કે આ દેશના ગરીબો પાસે કોઈ પણ બેંકમાં ખાતુ ઉપલબ્ધ ન હતું.પીએમ મોદીની દૂરંદેશી નીતિના કારણે આજે દેશભરમાં કરોડોની સંખ્યામ જન ધન ખાતાઓ ખોલવામાં આવ્યા છે.જેના દ્વારા સરકારની વિવિધ સહાય દેશભરના ગરીબોના ખાતામાં જ સીધી જ જમા થાય છે. આજે યુપીઆઈ યોજના થકી દેશનો નાનામાં નાનો વ્યક્તિ પણ ડીજીટલી વહેવાર કરતો થયો છે અને જે બહુ મોટી સિદ્ધિ છે. સમગ્ર વિશ્વમાં આ પ્રકારની યોજના બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવતી હોય તો તે એકમાત્ર ભારતમાં છે. સમગ્ર દેશના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદ સમાન એવી આયુષ્યમાન ભારત યોજના આજે સમગ્ર વિશ્વમાં અજોડ છે અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા પણ નોંધ લેવામાં આવી છે.બીજી તરફ ગરીબોને સસ્તા ભાવે તેમના આરોગ્યની જાળવણી માટે દવાઓ મળે રહે તે માટે પીએમ મોદીના માર્ગદર્શન તળે આજે સમગ્ર દેશમાં ૧૦ હજારથી વધુ જન ઔષધિ કેન્દ્રો ઉપલબ્ધ થયા છે કે જ્યાં આજે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ૫૦થી લઈને ૯૦ ટકા સુધીના રાહત દરે દવાઓ મળી રહી છે. પૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધને બેટી બચાવો-બેટી પઢાવો, ઉજવલ્લા સહિતની વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. ઉત્તર પૂર્વના રાજ્યોમાં પીએમ મોદીના નેતૃત્વમાં થયેલા અભૂતપૂર્વ વિકાસ અંગે તેઓએ વિસ્તૃત માહિતી ઉપસ્થિત મીડિયાકર્મીઓને આપી હતી. આ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મંત્રી અને સુરત મહાનગર પ્રભારી શ્રીમતી શીતલબેન સોની, સુરત શહેર ભાજપા અધ્યક્ષ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મહામંત્રી શ્રી મુકેશભાઈ દલાલ, શ્રી કિશોરભાઈ બિંદલ, શ્રી કાળુભાઈ ભીમનાથ, ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદી,, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી સંદીપભાઈ દેસાઈ તથા સુરત શહેર-જિલ્લા મીડિયા પ્રભારી શ્રી ભાવેશભાઈ ત્રિવેદી, સુરત શહેર મીડિયા કન્વીનર શ્રી શૈલેષભાઈ શુકલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્માકુમારીઝ મુન્દ્રા સેવા કેન્દ્ર પર ઉજવાયું વિશ્વ પર્યાવરણ દિવસ





કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

બ્રહ્માકુમારી મુન્દ્રા સેવા કેન્દ્ર પર આજે ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રકૃતિ પરથી પરમાત્માની મધુર યાદથી કરવામાં આવેલ ત્યારબાદ રાજયોગીની બ્રહ્માકુમારી સુશીલાદીદીએ આજના વિશેષ દિવસનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે પૃથ્વી આપણી માતા છે, આખા બ્રહ્માંડમાં ક્યાંય પણ પૃથ્વી વિના જીવન જીવવું સંભવ નથી.

કારણ કે જીવનની નિરંતરતા માટે આવશ્યક સંસાધન જેમકે ઓક્સિજન, પાણી, હવા વગેરે ફક્ત પૃથ્વી ઉપર જ ઉપલબ્ધ છે.

સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત વિષયુક્ત વાતાવરણ વાયુ, જળ અને ધ્વનિ પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ, વનોનું નષ્ટ થવું તથા પ્રકૃતિનો દુરુપયોગ વગેરે જોતા પર્યાવરણ પર ધ્યાન આપવું અતિ આવશ્યક છે. એટલે પૃથ્વીને બચાવવા પ્રાકૃતિક જીવન પધ્ધતિ અપનાવવી અતિ આવશ્યકતા છે. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને આખા વિશ્વના લોકોને પર્યાવરણ પ્રતિ જાગૃત કરવાની ખૂબ જ જરૂર છે. વધુમાં તેઓએ જણાવ્યું કે જળ છે તો આપણું જીવન છે, જળ છે તો આપણું ભવિષ્ય છે, જળ પ્રકૃતિ દ્વારા મનુષ્યની પ્રાપ્તિ મહત્વપૂર્ણ સંપત્તિ છે જળ વિના જીવનની કલ્પના કરવી અસંભવ છે. જળની સમસ્યા ધીરે ધીરે વધીને ગંભીર રૂપ ધારણ કરી રહી છે. ભારતમાં હજારો કુવાઓ અને તળાવ સુકાઈ ગયા છે એવા સમયે બ્રહ્માકુમારીઝ સંસ્થાએ જલ - જન અભિયાનના માધ્યમથી કરોડો લોકોને જાગૃત કરવા તથા દેશના પ્રત્યેક નાગરિકને પોતાની નૈતિક જવાબદારીનો અહેસાસ કરાવવાનો સંકલ્પ કર્યો છે. ભારતના જળ શક્તિ મંત્રાલય તથા બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા સંયુકત રૂપે સંચાલિત રાષ્ટ્રવ્યાપી "જલ - જન અભિયાન" જળ સંરક્ષણની દિશામાં એક સકારાત્મક પહેલ છે. જેનું શુભારંભ તારીખ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ બ્રહ્માકુમારીના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય શાંતિવન પરિસર, આબુ રોડ ખાતે ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ રૂપે કરવામાં આવેલ.

ત્યારબાદ સૌ ભાઈ બહેનોને પર્યાવરણ સુરક્ષા કરવા માટેની દ્રઢ પ્રતિજ્ઞાઓ પણ કરાવવામાં આવી અને ૧૦૧ અલગ અલગ વનસ્પતિઓના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રકૃતિ અને પરમાત્માની વંદનાના સુંદર ગીત સાથે સૌને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

# તા. ૧૨ થી ૧૪ જુન રાજય વ્યાપી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ યોજાશે

## માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની બ્રિફ મિંટીગમા દ્રશ્ય શ્રાવ્ય માદયમથી ડાંગ જિલ્લા અધિકારીઓ જોડાયા



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

વર્ષ ૨૦૨૩-૨૪નો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ આગામી તા. ૧૨,૧૩,૧૪ જુનના રોજ રાજ્યની તમામ શાળાઓ સહીત ડાંગ જિલ્લાની તમામ શાળાઓમા યોજાનાર છે. શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ કાર્યક્રમ અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને બ્રિફ મિંટીગનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ડાંગ જિલ્લા કલેકટર શ્રી મહેશ પટેલ સહીત જિલ્લાના અધિકારીઓ દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી જાડાયા હતા. માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજયેલ બ્રિફ મિંટીગમાં શાળા પ્રવેશોત્સવ તેમજ બાળ વાટીકા પ્રવેશોત્સવ અંગે જિલ્લાના અધિકારીઓએ ઉપયોગી માર્ગદર્શન મેળવ્યુ હતુ.

# આત્માને પરમાત્મા સાથે જોડવાની ક્રિયા યોગ છે: પૂજ્ય શ્રી શિવકૃપાનંદસ્વામીજી

## યોગ ફક્ત શારીરિક ક્રિયા નથી:પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી





**કબીર જયંતીના પાવન દિને પૂજ્ય શ્રી શિવકૃપાનંદસ્વામીજીએ અષ્ટાંગ યોગની આધ્યાત્મિક સમજ આપી**

કમલમ્ ન્યુઝ,

કબીર જયંતી અને વટસાવિત્રી પૂર્ણિમાના પાવન દિને સમર્પણ આશ્રમ, મહુડીમાં હિમાલયના મહર્ષિ પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાક્ષાત્ સાંનિધ્યમાં દર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. પૂર્ણિમાના ચન્દ્રની શીતળતામાં સાધકોએ પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં એક અલગ ઊર્જાનો અનુભવ કર્યો હતો. ગ્રીષ્મના તાપ વચ્ચે સવારમાં વર્ષાનું પણ જાણે ગુરુ સાંનિધ્યનો લાભ લેવા આગમન થયું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતની સાથે સાથે અન્ય રાજ્યોના સાધકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. શંખનાદ અને ધૂનના પાવન સુરો વચ્ચે પૂજ્ય ગુરુમા અને પૂજ્ય સ્વામીજીનું આગમન થયું. કબીર જયંતીનો ઉલ્લેખ કરીને પૂજ્ય શ્રી સ્વામીજીએ જણાવ્યું કે કબીરજીએ "મુઝકો કહાં ઢૂંઢે રે બંદે, મૈં તો તેરે પાસ મેં" આ પંક્તિમાં એકદમ સ્પષ્ટ જણાવ્યું છે કે જેને આપણે બહાર શોધીએ છીએ તે ખરેખર આપણી અંદર છે. આ વાત જેટલી જલ્દી સમજાઈ જશે એટલી આધ્યાત્મિક પ્રગતિ જલ્દી થઈ શકશે. તેઓ જે માર્ગે ભીતર પહોંચ્યા તે માર્ગ તેઓએ લોકોને દેખાડ્યો છે. આ માર્ગ છે યોગમાર્ગ, જેના દ્વારા અંતર્મુખી થઈ શકાય છે. ભારત દેશના પ્રયત્નોથી યોગને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે, પરંતુ ખરા અર્થમાં યોગ શું છે, યોગનો ઉદ્દેશ શું છે તે જાણવાની જરૂર છે. ખરેખર સમગ્ર યોગનો પ્રચાર કરવાની આવશ્યકતા છે. મનુષ્ય જે પરમાત્માની ખોજ બહાર કરી રહ્યો છે તે બહાર નથી, ભીતર છે.ભીતર કઈ રીતે જઈ શકાય? યોગ દ્વારા. આત્માને પરમાત્મા સાથે જોડવું તે યોગ છે, તો પ્રશ્ન થાય કે આત્મા અને પરમાત્મા અલગ છે? ના, આત્મા અને પરમાત્મા અલગ નથી. જેમ ગંગા નદીનું શુદ્ધ પાણી બોટલમાં ભરવામાં આવે કે લોટામાં ભરવામાં આવે તે એક જ રહે છે. એ જ રીતે સ્ત્રીહોય કે પુરુષ હોય, તેનામાં રહેલો આત્મા એક જ છે. ફક્ત લિંગ ભેદનો ફેર હોય છે. પરમાત્માને શોધવા તીર્થયાત્રા કરવાની જરૂર નથી, એ તમારી ભીતર છે એ સમજાવવાનો પ્રયાસ કબીરજીએ કર્યો હતો. શોધવાના એને હોય કે જે બહાર હોય, પરમેશ્વર બહાર નથી, તમારી ભીતર છે, જેને મહેસૂસ કરવાનો છે. વ્યક્તિને આ આત્મા સતત માર્ગદર્શન આપે છે, પરંતુ જ્યાં સુધી તેનો અહેસાસ નહીં થાય ત્યાં સુધી માણસ તેની પાસેથી માર્ગદર્શન મેળવી શકશે નહીં. જેમ આપણે આપણો ચહેરો જોવા મિરરની આવશ્યકતા છે, એ જ રીતે જયાં સુધી જીવનમાં મિરરરૂપી ગુરુ નહીં આવે ત્યાં સુધી આત્માની અનુભૂતિ નહીં થાય. ભારતીય સંસ્કૃતિ એક જ એવી છે કે જેમાં પરમાત્માની જીવંત પરિકલ્પના છે - ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ કહેવાય છે. શરીરધારી ક્યારેય પરમાત્મા નથી હોતા તો પરમાત્મા કોણ છે? ખરેખર પરમાત્મા એ ગુરુની અંદર વહી રહેલી શકિત છે.૨૧ જૂન યોગ દિવસને લઈને પૂજ્ય સ્વામીજી અષ્ટાંગ યોગની આધ્યાત્મિક સમજૂતી આપી હતી. તેઓએ જણાવ્યું કે યોગ એ શારીરિક ક્રિયા નથી. યોગ અલગ છે, યોગાસન અલગ છે. દરેક સમસ્યાનો ઉકેલ યોગમાં છે.

યોગ દ્વારા એક સકારાત્મક આભામંડળ બનશે, જેના દ્વારા એક સુરક્ષા કવચ પ્રાપ્ત થશે. ધ્યાન પ્રયત્ન દ્વારા કરવાની ચીજ નથી. શરીરભાવ ઓછો થવાથી આપોઆપ ધ્યાન લાગી જશે. પ્રવચન બાદ એમણે સાધકોના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. ભજનની સંગાથે પાદુકાનમનમાં સાધકોએ ભાગ લીધો હતો. પૂજ્ય સ્વામીજી અને પૂજ્ય ગુરુમાનાં દર્શન કરી સાધકો ધન્ય બન્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે ગુરુતત્ત્વ ટીમ અને ગુરુકાર્યરત સાધકોએ જહેમત ઉઠાવી હતી.

